જ્ઞાન, સિદ્ધિ કે
સમજ મેળવવી હોય
તો તમારા ચિત્તને
સદાય ખુલ્લું રાખો
- ચિયાંગ સૂં

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૦૧ | ૨૦ જૂન ૨૦૧૨, બુધવાર, અષાઢ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# જિલ્લામાં વિકાસની દિશા હવે ગામડાં તરફ

## ગાંધીનગર જિલ્લામાં ૨૫.૬૨ લાખ ચોરસ મીટર જમીન બિન ખેતીમાં ફેરવાઈ:જિલ્લામાં વર્ષમાં કુલ ૬૩૬ અરજી મળી હતી

(વિશેષ પ્રતિનિધિ)

ગાંધીનગર, તા.૧૯ ગાંધીનગરમાં બિનખેતીની પરવાનગી માગતી અરજીઓની સંખ્યામાં વધારો થયો છે. ખાસ કરીને ઔદ્યોગિક હેતુ માટે શહેરી વિસ્તાર કરતાં પંચાયત વિસ્તારમાં અરજીઓનું પ્રમાણ વધારે જોવા મળ્યું છે. સરકારી આંકડા પ્રમાણે એક વર્ષમાં ૨૫.૬૨ લાખ ચોરસ મીટર જેટલી જમીન બિન ખેતી કરવાની મંજૂરીઓ માગવામાં આવી હતી.



**શહેરોમાં આમ પણ ખેતીની જમીન બચી નથી,નજીકનાં ગામડાંમાં ખેતીની જમીનનો હેતુફેર કરાવવા લોકોની કતાર**

ગાંધીનગર શહેરનો વિકાસ વિસ્તાર વધતો જાય છે. શહેર છોડીને હવે ગામડાઓને પણ કવર કરવામાં આવી રહ્યાં છે. એટલે કે વિકાસની દિશા ફંટાઇ ચૂકી છે. શહેરી વિસ્તાર કરતાં ગામડાઓમાં ખેતીની જમીને બિન ખેતીમાં ફેરવવાની અરજીઓનું પ્રમાણ વધ્યું છે. રાજ્યના મહેસૂલ વિભાગે જિલ્લામાંથી મળેલી કુલ ૬૩૬ પૈકી ૫૦૦ અરજી મંજૂર કરી દીધી છે.

જિલ્લામાં રહેણાંક માટે બિન ખેતી પરવાનગીમાં ૧૯.૭૩ લાખ ચોરસ મીટર જમીન છૂટી કરવામાં આવી છે. બીજાક્રમે ૨.૧૫ લાખ ચોરસ મીટર જમીન સાથે ઔદ્યોગિક હેતુ આવે છે. શૈક્ષણિક હેતુ માટે ૧.૬૪ લાખ ચોરસ મીટર અને વ્યાપારિક હેતુ માટે જિલ્લામાં ૨.૦૮ ચોરસ મીટર જમીન માગવામાં આવી હતી.

સખાવતી માટેની જમીનની માગણી કરતી અરજીઓની સંખ્યા શૂન્ય છે. શહેરી વિસ્તાર માટે રહેઠાણ અને ઔદ્યોગિક મળીને કુલ ૯૩૦૩૯ ચોરસ મીટર જમીનની માગણી મંજૂર કરવામાં આવી છે. પંચાયત વિસ્તારની જમીનનો આંકડો ૨૪.૬૮ લાખ ચોરસ મીટર થવા જાય છે. એનો મતલબ એ થયો કે હવે પછીનું ડેવલપમેન્ટ જિલ્લાના ગામડામાં થઈ રહ્યું છે.

માર્ચ-૨૦૧૨માં મહેસૂલ વિભાગના જમીન મહેસૂલ વહીટવટના અહેવાલમાં જણાવ્યા પ્રમાણે એક વર્ષમાં બિન ખેતી પરવાનગી માગતી અરજીઓની સંખ્યા ૫૮૦ થઈ છે જે પૈકી ૨૮૭ શહેર અને ૨૯૩ પંચાયત વિસ્તારની

● અનુસંધાન પાન-૭ પર



ગાંધીનગરની સ્થાપના બાદ ૧૯૮૫ થી ગાંધીનગર શહેરમાં રથયાત્રા સમિતિ દ્વારા પરંપરાગત રીતે રથયાત્રા નિકળે છે. જેમાં મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડે છે. ગાંધીનગરમાં રથયાત્રા આ વર્ષે પણ પરંપરાગત માર્ગ પર નીકળી રહી છે. રથયાત્રા માટેનો રથ તૈયાર થઈ ચૂક્યો છે અને ભગવાન પણ આંખે પાટા બાંધીને યાત્રા માટે તૈયાર થઈને બેઠા છે. રથયાત્રાને લઈ નગરમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. (તસવીર : દિપક જાની)

# આજે મનપામાં વાક્યુધ્ધ ખેલાશે

## ગાંધીનગર મનપાની આજની સામાન્ય સભાને લઈ પ્રવર્તતી રાજકીય ઉત્તેજનાઓ : બંને પક્ષોએ આક્રમક રૂપ અખત્યાર કરવાનો નિર્ણય કર્યો

ગાંધીનગર, તા.૧૯ આજે ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભામાં કોંગ્રેસના નિષ્ફળ નેતૃત્વને કારણે શહેરમાં ગંદકીનું સામ્રાજય વધ્યું હોવાનું તેમજ રોગચાળાની ગંભીર સ્થિતિ તરફ જનજીવન ધકેલાઈ રહ્યાના આક્ષેપ સાથે ભાજપ સત્તાધારી પક્ષને ભીંસમાં લેશે.

બીજી તરફ કોંગ્રેસ પણ સરકાર દ્વારા આરોગ્ય સહિતની અન્ય સેવાઓની ફાળવણી કરવામાં નહિ આવી હોવાની વાત રજુ કરી ભાજપના શઢમાંથી હવા કાઢવાનો વ્યુહ અપનાવ્યો છે.

આજે બંને પક્ષના અગ્રણી કાઉન્સીલરોની બેઠક અલગ અલગ સમયે કોર્પોરેશન ખાતે મળી હતી. જેમાં સામ-સામા રાજકીય આયુધો સજાવવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો મુજબ મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાએ વિપક્ષ તરફથી રજુ થયેલી સફાઈ અને રોગચાળાની સ્થિતિને લઈ ખાસ ચર્ચાની માંગણી ગ્રાહય રાખી છે અને આ મુદ્દે સામાન્ય સભામાં બંને પક્ષો રાજકીય વાક્યુધ્ધ લડશે.

મહાનગરપાલિકામાં સત્તાધારી પક્ષ કોંગ્રેસની ૧૮ બેઠકો છે જયારે ભાજપની ૧૫ બેઠકો છે. ગાંધીનગર કોર્પોરેશનની રચના થઈ ત્યારથી સરકાર અન્યાય કરતી રહી હોવાનો વળતો હુમલો કોંગ્રેસના આગેવાનોએ વ્યુહ ઘડી કાઢયો છે અને આ મુદ્દે વિપક્ષ ભાજપને ભીસમાં લેવામાં કચાશ નહિ રાખે તેમ સત્તાધારી પક્ષના અંતરંગ વર્તુળોમાંથી જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર


